**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૪ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૨ ટકા

# આગામી વીસમીએ ખગ્રાસ સૂર્યગ્રહણ



ગાંધીનગર, તા. ૧૨

સામાન્ય રીતે ભૂમંડલમાં થતી ખગોળીય ઘટનાઓની અસર જ્યોતિષશાસ્ત્રના અભ્યાસથી સરળતાથી સમજી શકાય છે, હિન્દુ શાસ્ત્રોમાં પંચાંગની ખગોળની સૂક્ષ્મ ગણતરી આધારિત લાંબા સમયની ભાવિ ઘટનાનું નિરિક્ષણ કરી શકાય છે.

જેમાં વર્ષ દરમ્યાન થતી ગ્રહણની ઘટના અને અસરો ખાસ મહત્વ ધરાવે છે.સવંત ૨૦૭૯ વર્ષ દરમ્યાન કુલ પાંચ ગ્રહણો છે, જેમાં પહેલું તા. ૮-૧૧-૨૨ના રોજ ચંદ્રગ્રહણ થયેલ હતું. જો કે આગામી તા. ૨૦-૪-૨૩ના રોજ પ્રથમ સૂર્યગ્રહણ જે ખગ્રાસ સૂર્યગ્રહણ થનાર છે, જે સંવત ૨૦૭૯ ચૈત્ર વદ અમાસને ગુરૂવારે મેષ રાશિ અને અશ્વિની નક્ષત્રમાં થનાર છે.

ગ્રહણ સ્પર્શ : સવારે ૭ ક. ૦૫ મિ.
ગ્રહણ મધ્ય : સવારે ૯ ક. ૪૬ મિ.
ગ્રહણ મોક્ષ : બપોરે ૧૨ ક. ૨૯ મિ.

જો કે આ ખગ્રાસ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહિ. જેથી તેનો દોષ લાગી શકે નહિ એટલે કે પાળવાનું રહેશે નહિ.

આ ગ્રહણ દ.પૂ. એશિયા, પૂ. ઈન્ડીઝ, ઓસ્ટ્રેલિયા, ફીલીપાઈન્સ, ન્યુઝીલેન્ડ, ઈન્ડોનેશિયા અને ન્યુ ગીનીમાં દેખાશે. જેનો દશ્યમાન થવાના સમય દરેક દેશની ભૌગોલિક સ્થિતિ અને સ્થાન મુજબનો રહેશે.સૂર્યગ્રહણની ઘટના સમયનો અભ્યાસ કરીએ તો આ ગ્રહણ સમયે પૂર્વમાં કર્ક રાશિ ઉદિત થાય છે. જેની કર્ક લગ્નનો સમય છે.સામાન્ય રીતે આ એપ્રિલ માસમાં સૂર્ય સંક્રાંતિ મેષ રાશિમાં થાય છે. આ વખતે તા. ૧૫-૪-૨૩ના રોજ સૂર્ય એક માસ માટે મેષ રાશિમાં રહેશે. એટલે દશમ સ્થાનમાં સૂર્ય ઉચ્ચનો ગણાશે. જે ધંધા વ્યવસાય વેપાર, નોકરી, સરકાર સાથે વ્યવહાર, સરકારી ક્ષેત્ર, આર્થિક આવક, માન-સન્માન વેગેરે બાબતોને અસરકર્તા છે. જેથી ખાસ આ બાબતોની અસર જે તે જાતકના જન્મ ગ્રહો મુજબ થશે. આ માસમાં જન્મનાર બાળકોની આરોગ્ય પરત્વે ખાસ કાળજી લેવી. સામાન્ય રીતે ગ્રહણની શુભાશુભ અસરો છ માસ સુધી વત્તા ઓછા પ્રમાણમાં અનુભવાતી હોય છે.

જાતકની જન્મ રાશિ આધારિત માસ દરમ્યાન ખાસ અસરો નીચે મુજબ રહેશે.

**મેષ રાશિ :** દરેક સાથે સંબંધો સૌહાર્દપૂર્ણ રાખવા, કોઈપણ બાબતે આળશ વધતા અગાઉ આત્મમંથન જરૂર કરવું. હનુમાન ચાલીસા કરવા.

**વૃષભ રાશિ :** આર્થિક બાબતે સતર્ક રહેવું. તમારી સ્થાયી સંપત્તિની યથાસ્થિતિ રાકવી. નાણાંકીય રોકાણ વિચારીને કરવું, શિવ ઉપાસના.

**મિથુન રાશિ :** તમારી પ્રામાણિકતા અને ઈમાનદારી ધારેલ કાર્યમાં સફળતા અપાવે, વિચારોની ચંચળતાનો પ્રભાવ રહેશે, ગણેશ પૂજા કરવી.

**કર્ક રાશિ :-** સાંસારિક જીવનમાં પ્રભાવ પડે, પરિવારના સંબંધોને શુભાશુભ અસર થાય, વિષ્ણુપૂજા કરવી.

**સિંહ રાશિ :** આત્મવિશ્વાસ કેળવવો, આવેંગી ન થવું, વિચારીને કાર્ય કરવુ, બજરંગ બાણ પાઠ કરવા.

**કન્યા રાશિ :** આ સમય તમારા વ્યક્તિગત વિકાસને અસરકર્તા પસાર થશે, જેથી તે મુજબ નિર્ણયો લેવા, દુર્ગા પૂજા કરવી.

**તુલા રાશિ :** તમારા ભાગીદારીના ક્ષેત્રમાં અસરકર્તા સમય છે. વિચારી, નિર્ણય કરી તક ઝડપી લેવી. શિવ ઉપાસના.

**વૃશ્ચિક રાશિ :** તમારી કામ કરવાની પદ્ધતિ અને નિર્ણાયાત્મક યોગ્ય પરિવર્તન જ શુભત્વ પ્રાપ્ત કરાવી શકે. નવી તકો મળે.

**ધનરાશિ :** તમારા જ્ઞાનનો ઉપયોગ કરશો અને વિકાસની તક ઝડપી લેવી.

**મુકર રાશિ :** તમારી સાર્વજનિક છાપ સુધારશો, દઢ સંકલ્પ કરશો અને વ્યવસાયમાં નવા સંકલ્પ કરવા. શનિ ઉપાસના કરવી.

**કુંભ રાશિ :** તમારા વ્યવસાયમાં ભાગીદારી હશે તો તે બાબતે ગંભીર બનવું, આગળ વધવુ.

**મીન રાશિ :** જીવનમાં આ સમય દરમ્યાન ખાસ આધ્યાત્મિકતાના પંથે જઈ આત્મનિરીક્ષણ કરી આત્માના અવાજ મુજબ અનુસરવુ, ભગવાન વિષ્ણુની પૂજા કરવી.

## આયુર્વેદ ફેકલ્ટી પીજી ઓરિએન્ટેશન પ્રોગ્રામ-ઉદઘાટન ફંકશન યોજાયું



ગાંધીનગર, તા.૧૨

સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરુકુળ, કલોલ સંચાલિત સ્વામિનારાયણ યુનિવર્સિટી, શ્રી સ્વામિનારાયણ આયુર્વેદિક કોલેજ દ્વારા જી૨૦ અને આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે પી જી ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્વામિનારાયણ યુનિવર્સિટી ખાતે યોજવામાં આવેલ વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓમાં વિજેતા ઉમેદવારને સન્માનિત કરવામાં આવ્યા હતા. શ્રી સ્વામિનારાયણ આયુર્વેદિક કૉલેજ-સ્વામિનારાયણ યુનિવર્સિટી, કલોલના આયુર્વેદિક અનુસ્નાતક વિદ્યાર્થીઓની પ્રથમ બેચ માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામ "વિશિખાનુ પ્રવેશ" ઉદ્‌ઘાટન કાર્યનું આયોજન કર્યું હતું. નેશનલ કમિશન ઓફ ઈન્ડિયન મેડિસિનના "સંસ્કાર-પીજી ઓરિએન્ટેશન પ્રોગ્રામ" (પ્રવીણ વિદ્વાનોમાં પરિવર્તન) નામની ઉમદા પહેલ અનુસાર ૧૫ દિવસનો ઓરિએન્ટેશન પ્રોગ્રામ વ્યક્તિત્વ વિકાસ, સંચાર કૌશલ્ય, વલણ, આચાર સંહિતા, કેમ્પસ વર્તન વગેરે પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સામાન્ય મુદ્દાઓ તેમજ પ્રસ્તુતિ કૌશલ્ય, જર્નલ ક્લબ, ક્લિનિકલ કેસ પ્રેઝન્ટેશન વગેરે કાર્યક્રમનું આયોજન આ દરમિયાન કરવામાં આવશે. ઓરિએન્ટેશન પ્રોગ્રામ ઉદ્‌ઘાટનના મુખ્ય મહેમાન વાઈસ ચાન્સેલર પ્રો (ડૉ) એસ.એન.ગુપ્તા યુનિવર્સિટી અને ભારત અને વિદેશમાં આયુર્વેદ ક્ષેત્રે ખૂબ પ્રતિષ્ઠા ધરાવે છે. ત્યારબાદ ડીન પ્રોફેસર (ડૉ) રોહિત ગોકર્ણે તેમના સંબોધનમાં પીજી વિદ્વાનોનું સ્વાગત કર્યું હતું. તેમણે છેલ્લા પાંચ વર્ષમાં સંસ્થાની પ્રગતિ અને વિકાસ વિશે ટૂંકમાં વાત કરી હતી.

## જલારામ મહિલા મંડલ તરફથી પગરખા વિતરણનુ સેવાકાર્ય



ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જલારામ મહિલા મંડલ તરફથી ઉનાળાની ગરમીમા પગને રાહત રહે તે હેતુસર સેક્ટર ૨૯ની સરકારી શાળામા ૧ થી ૮ ધોરણના તમામ બાળકોને સ્લીપર વિતરણના કાર્યક્રમનુ આયોજન કરવામા આવેલ હતું. કાર્યક્રમ પ્રમુખ મીતલબેનની સાથે ભૂતપૂર્વ પ્રમુખ કુસુમ બેન, મનોરમાબેન, નીતાબેન ધોકઈ તથા મંત્રી ઉષાબેન ઠક્કર કારોબારીની બહેનો પ્રવિણાબેન, દિપ્તીબેન, પ્રરણાબેન, ડિમ્પલ બેન તથા નિવેદિતાબેન હાજર રહી સહકાર આપ્યો હતો. આશરે ૨૪૦ જોડી સ્લીપરનુ વિતરણ કરવામા આવ્યું હતું.

સેવાના આ કાર્યમા જે બહેનોનો આર્થિક સહયોગ મળેલ છે પ્રમુખ દ્વારા તેમનો આભાર વ્યક્ત કરવામા આવ્યો હતો.



સેક્ટર -૧૪ના બગીચામાં ગુજરાત યોગ બોર્ડ સંચાલિત યોગ ક્લાસ યોગ શિક્ષક દક્ષાબેન ત્રીવેદી તથા સહ શીક્ષક ઉષાબેન ચૌહાણ દ્વારા નિઃશુલ્ક ચલાવવામાં આવે છે. જેનો સમય સવારે ૬-૩૦ થી ૭-૩૦ છે તો સર્વેને યોગ ક્લાસમાં જોડાવા આમંત્રણ છે.

## ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા મેમુ ટ્રેન પુનઃ શરૂ કરવા માંગ

### ગાંધીનગર-અમદાવાદ-આણંદથી જતી મેમુ ટ્રેન બંધ : આ ઉપરાંત અન્ય જિલ્લાઓમાં જતી મેમુ ટ્રેન પુનઃ શરૂ કરવાની પણ માંગ




ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા બંધ થયેલ ટ્રેનો ફરીથી શરૂ કરવાની માંગણી કરવામાં આવી છે. જેમાં ભાવનગરથી આવતી ગાંધીનગરની મેમુ ટ્રેન, આદિવાસી વિસ્તારમાં જતી ગાંધીનગર-અમદાવાદ-આણંદ અને આણંદથી જતી દાહોદ મેમુ ટ્રેન બંધ કરવામાં આવેલ છે તથા ગાંધીનગર-વડોદરાની આરંભાયેલ ટ્રેન પણ બંધ કરવામાં આવેલ છે. આ સાથે અન્ય ટ્રેનો પણ બંધ છે જેને પુનઃ ચાલુ કરવા માટેની માંગ કરવામાં આવી છે. આજ રીતે અન્ય જિલ્લાઓમાંથી ઉપડતી અને મહેસાણા તરફ જતી તમામ ટ્રેનો વાયા ગાંધીનગર-ઉવારસદ કરવાની માંગ કરી છે. આ માંગણી ઉવારસદ પંચાયત દ્વારા પણ કરવામાં આવી છે. તે જ રીતે ગાંધીનગરના નાગરિકોએ માંગ કરી છે. આ અંગે ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, મયુર વ્યાસ, કિશોર જીકાદરા, બી.એ.શેકલ, દિનેશસિંહ ચાવડા સે-૧૩ અને ૬ના પદાધિકારીઓ દ્વારા એક સાંસદ સાથે બેઠકનું આયોજન કરવા રજુઆતો કરવામાં આવી છે. આ અંગે પ્રદિપ સોલંકી, ભાનુભાઈ દવેએ પણ રજુઆતો કરી હતી.



ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરમાં ચાલી રહેલી સફળતાના શિલ્પી હનુમાનજીની કથામાં વ્યાસપીઠ પર બિરાજમાન પૂ.ભૂપેન્દ્રભાઈ પંડયાજીનુ સન્માન શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગરના પ્રમુખ નરેશ દવે અને હોદેદારો દ્વારા કરવામાં આવ્યું હતું.

## દલિતસેના દ્વારા ડો.આંબેડકર જન્મજયંતિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પવામાં આવશે

ગાંધીનગર, તા.૧૨

ભારતના બંધારણના ધડવૈયા ડો.બાબા સાહેબ આંબેડકરની ૧૩૨ મી જન્મજયંતિ નિમીત્તે ગાંધીનગર જિલ્લા દલિતસેના દ્વારા ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા ને પુષ્પાંજલિ અર્પવામાં આવશે. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ સચિવ બાબુભાઈ મેસરવાલા, ગાંધીનગર જિલ્લા મહામંત્રી કે.આઈ.પટેલ અન્ય હોદ્દેદારો મોહનભા કે.પરમાર, દીનકરભાઈ પરમાર, મહેન્દ્રભાઈ પરમાર, રમણભાઈ પરમાર તેમજ કાર્યકરો દ્વારા ડો.બાબાસાહેબ આંબેડકર અમર રહો..ના નારા સાથે પુષ્પાંજલિ અર્પવામાં આવશે.

## બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ નિમિત્તે પ્રતિમાએ પુષ્પાંજલિ કરશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર અનુ.જાતિ વિભાગ ગાંધીનગર શહેર કોંગ્રેસ ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ, શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા તા.૧૪મીએ સવારે ૯.૩૦ કલાકે ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૩૨મી જન્મ જયંતિ નિમિત્તે પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં શહેર અનુ.જાતિ વિભાગના પદાધિકારીઓ તેમજ શહેર-જિલ્લા સમિતિના પ્રમુખઓ, હોદ્દેદારો હાજર રહેશે. તમામ હોદ્દેદારો, તાલુકા કોંગ્રેસ પ્રમુખો, તાલુકા સદસ્યો, વોર્ડ પ્રમુખો, જુદાજુદા સેલ-ફ્રન્ટલના ચેરમેનો, કોર્પોરેટરો, યુવા કોંગ્રેસ, મહીલા કોંગ્રેસ, એનએસયુઆઈ અને કાર્યકરોને જોડાવા માટે જણાવાયું છે.


## નાગરિક બેંકમાં વિદાય સમારંભ યોજાયો



ગાંધીનગર, તા. ૧૨

બેંકના ૨૦ વર્ષ સેવાઓ આપી વય નિવૃત્ત થતાં બેંકના સિનિયર ઓફિસર નંદકિશોર નારણદાસ પટેલનો વિદાય સમારંભ બેંકની હેડ ઓફિસ ખાતે યોજાયો હતો. બેંકની કસ્ટોડિયન કમિટીના સભ્યો તથા કર્મચારીગણ તરફથી તેઓને આવનાર ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



મૌલેષ છત્રપતિ
મો. ૯૫૧૨૮ ૬૮૩૧૮



પંકજ દેસાઈ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
અને શિવરંજની, સુજોક
થેરાપીસ્ટ, ટેરો કાર્ડ રીડર
મો. ૯૯૨૫૪ ૬૦૪૬૦



દમયંતિબેન લક્ષ્મણભાઈ પરાસિયા



જિજ્ઞાસા સુકેતુ મહેતા
મો. ૭૬૦૦૦ ૩૨૪૯૦



બિહોલા મિતેષસિંહ ભરતસિંહ
મો. ૯૧૭૩૭ ૩૪૫૫૫



સચિનકુમાર નટવરલાલ દરજી
મો. ૯૮૨૪૬ ૯૧૯૨૬



મલિન હિરેન પટેલ



અજય અંબાલાલ પ્રજાપતિ
મો. ૮૧૪૧૩ ૬૮૪૪૮



સીમી પટેલ



પ્રજાપતિ શિવાની
મો. ૬૩૫૬૪ ૧૩૪૯૮



રાણા નિસર્ગ પ્રવિણભાઈ
મો. ૯૪૨૭૯ ૫૨૭૯૦

## અવસાન નોંધ

સ્વ.દક્ષરાજસિંહનું બેસણું તા.૧૪/૪/૨૦૨૩ શુક્રવારે સવારે ૯થી ૧ કલાકે પ્લોટ નં.૮૨૪/૨, સેકટર-૭/સી, ગાંધીનગર ખાતે રાખેલ છે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ.પટેલ જિજ્ઞાશાબેન બળદેવભાઈ ઉ.વ.૩૫, રાંધેજા
- સ્વ.આચાર્ય ઘનશ્યામ મોહનલાલ ઉ.વ.૮૫, ગાંધીનગર
- સ્વ.સુથાર જશોદાબેન રસિકલાલ ઉ.વ.૭૮, ગાંધીનગર
- સ્વ.ઓઝા યશોધરાબેન કીરીટભાઈ ઉ.વ.૮૭, ગાંધીનગર
- સ્વ.પ્રજાપતિ ધીરજભાઈ વિઠ્ઠલભાઈ ઉ.વ.૪૯, વાવોલ
- સ્વ.પટેલ ઘનશ્યામભાઈ ડાહયાભાઈ ઉ.વ.૬૮, ગાંધીનગર
- સ્વ.ઠાકોર તખીબેન ચંદુજી ઉ.વ.૮૨, વાવોલ
- સ્વ.શાહ નિમિશ નાનજીભાઈ ઉ.વ.૫૧, ગાંધીનગર
- સ્વ.ચૌહાણ રેવાબેન ગંગારામ ઉ.વ.૬૨, ગાંધીનગર